# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06/09/2026** **Morning : 7.10 to 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1. **ખરિફ પાકો માટે મહી કમાન્ડને 20 દિવસ 5 હજાર ક્યુસેક પાણી, દ્વારકા – જામનગર અને ઉત્તર ગુજરાતમાં પણ વધારાનું સિંચાઇનું પાણી આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય.**
2. **રાજ્યમાં 11 હજાર શિક્ષકોની ભરતીની પ્રક્રિયા હાથ ધરાઇ હોવાનું જણાવતાં શિક્ષણ મંત્રી.**
3. **અમદાવાદ એરપોર્ટ પરથી પાંચ કિલો પાંચસો ગ્રામના પ્રતિબંધિત પદાર્થ સાથે વિયેટનામથી આવેલા મુસાફરની ધરપકડ.**
4. **અમદાવાદ ખાતે શરૂ થયેલી વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝમાં ભારતના તમામ આઠ તીરંદાજો આગામી રાઉન્ડમાં પહોંચ્યા.**
5. **મહિલા ક્રિકેટ ટી20 એશિયા કપમાં ભારતે પાકિસ્તાનને સાત વિકેટે પરાજય આપ્યો.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# HIGH-LEVEL MEETING - CM

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને, રાજ્યમાં પીવાના અને સિંચાઈના પાણીના યોગ્ય વ્યવસ્થાપન માટે ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાવામાં આવી હતી. આગામી સમયમાં પર્યાપ્ત વરસાદ ન થાય અને જળાશયોમાં પાણીની આવકમાં વધારો ન થાય, તો પીવાના પાણીની જરૂરિયાતને પ્રાથમિકતા આપવાના દિશા નિર્દેશો મુખ્યમંત્રીએ આપ્યાં હતાં. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આ બેઠકમાં વિડિયો કોન્ફરન્સથી જોડાયા હતા.**

**પ્રસ્તુત છે એક અહેવાલ ....**

**(VC: JAYESH VEGADA)**

*( આ બેઠકમાં ખેડૂતોને પુરતું પાણી મળી રહે તે માટેના 3 મહત્વપુર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા.જે અંતર્ગત મહી કમાન્ડ વિસ્તારમાં સિંચાઈ માટે નર્મદા યોજનામાંથી 20 દિવસ માટે 5000 કયુસેકસ પાણી આપવાનો નિર્ણય કરાયો. દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં સૌની યોજનાની લિંક-1 મારફતે વધુ 10 દિવસ માટે આ પાણી ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. ઉપરાંત ઉત્તર ગુજરાત વિસ્તારમાં નર્મદા યોજના માંથી અપાઈ રહેલું 2000 કયુસેકસ પાણી વધુ 15 દિવસ ચાલુ રાખવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.*

*બેઠકમાં પાણીના યોગ્ય વ્યવસ્થાપન માટે જરૂરી પગલાં લેવા અધિકારીઓને તાકીદ કરતાં મુખ્યમંત્રીએ નાગરિકો અને ખેડૂતોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા તથા પાણીના સંરક્ષણમાં સહયોગ આપવા અપીલ કરી છે.*

*જયેશ વેગડા, આકશવાની સમાચાર અમદાવાદ)*

# TEACHERS APPOINTMENT

**રાજ્યના શિક્ષણ મંત્રી ડોક્ટર પ્રદ્યુમન વાંજાએ કહ્યું છે કે બાળકોને ગુણવત્તા શિક્ષણ મળી રહે અને દરેક શાળામાં શિક્ષકોની સંખ્યા વધારવાના ભાગરૂપે શિક્ષકોની ભરતી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત જ્ઞાન સહાયકો અને વિદ્યાસહાયકોની નિમણૂંક ચાલી રહી છે. તેમણે કહ્યુ હતું કે રાજ્યમાં આગામી સમયમાં અગિયાર હજાર શિક્ષકોની નિમણૂક થશે.**

**(BYTE: DR. PRADYUMAN VANJA, EDUCATION MINISTER)**

*(આપણને ખ્યાલ હશે કે કદાચ ઐતિહાસિક રીતે જ્ઞાન સહાયકની ખૂબ જ ટૂંક સમયમાં ભરતી થઈ અને એવું ઉપરાંત વર્તમાનમાં 11,000 શિક્ષકોની વિદ્યાસહાયકોની ભરતીની પ્રક્રિયા લગભગ પૂર્ણતાને આરે છે અને ટૂંક સમયમાં આખા ગુજરાતમાં 11,000 વિદ્યાસહાયકોની ભરતી થવા જઈ રહી છે.)*

# AWARDEE TEACHER LINA DESAI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષક દિનના અવસરે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કર્યા. સમારોહમાં પારિતોષિક મેળવ્યા બાદ સુરત વિદ્યા ભારતી હિન્દી વિદ્યાલયની શિક્ષિકા લીના દેસાઈએ પ્રતિક્રિયા આપી.

## (BYTE- LEENA DESAI, AWARD-WINNING TEACHER)

*("રમતગમત ક્ષેત્રને ઉપર લાવવા માંગતી હતી, એટલે મેં મારા 400 થી વધારે વિદ્યાર્થીઓને જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ અને નેશનલ કક્ષા સુધી ના, મેં એમને લઈ ગઈ છું અને મારી શાળાના વિદ્યાર્થીને મેં સરદાર પટેલ એવોર્ડ અને દિગ્વિજયસિંહ એવોર્ડ જે ગુજરાતના મોટામાં મોટા એવોર્ડ છે તે પણ મેં અપાવ્યા છે. આપણા ગુજરાત સરકારે ખેલ મહાકુંભ જે ચાલુ કર્યું છે અને છેલ્લાં પાંચ વર્ષથી હું ખુદ એક ટીચર કેટેગરીની અંદર વોલીબોલ ક્ષેત્રે પાંચ-પાંચ ગોલ્ડ મેડલ હું જીતી છું.")*

# TEACHERS HONOURED

રાજ્યભરમાં પાંચમી સપ્ટેમ્બરના શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોને એવોર્ડ આપવાના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

અરવલ્લી જિલ્લામાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી પી.સી.બરંડાના અધ્યક્ષસ્થાને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં પસંદગી પામેલા શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરી પારિતોષિક અર્પણ કરાયા હતા.

આ પ્રસંગે બોલતા શ્રી બરંડાએ કહ્યું કે, આગામી સમયમાં અરવલ્લી જિલ્લામાં યુનિવર્સિટી તેમજ મેડિકલ કોલેજ સ્થાપવા માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા.

તાપી જિલ્લામાં યોજાયેલા ડોલવણ તાલુકાના જીવનજ્યોત હાઈસ્કુલ બરડીપાડાના માધ્યમિક વિભાગના શિક્ષક તુષારકુમાર તંબોળી 'શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

છોટાઉદેપુરમાં 'શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' સમારંભમાં ઉત્કૃષ્ટ શૈક્ષણિક સેવાયજ્ઞમાં યોગદાન આપનાર જિલ્લા અને તાલુકા કક્ષાના કરનાર શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જુનાગઢમાં જુનાગઢ ઉપરાંત વિસાવદર મેંદરડા કેશોદ અને માળીય હાટીના તાલુકાના નવ શિક્ષકોને પુરસ્કાર અર્પણ કરીને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા.

# AHMEDABAD AIRPORT GANJO

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિયેતનામના હો ચી મિન્હ સિટીથી ફ્લાઇટમાં આવેલા મુસાફરને નશાકારક પદાર્થ સાથે કસ્ટમ વિભાગે ઝડપી પાડ્યો છે. મુસાફર કુકીઝના બોક્સ અને કોર્ન ફલેક્સના પેકેટમાં માદક પદાર્થ લઇને આવ્યો હતો.

આ પદાર્થ તે  હેન્ડબેગમાં જ લઇને આવ્યો હતો. મુંબઈના રહેવાસી એવા આ મુસાફરની તપાસ દરમિયાન તેની પાસેથી પાંચ કિલો પાચંસો ગ્રામ કરતાં વધારે પ્રતિબંધિત પદાર્થ મળી આવ્યો હતો. મુસાફરની ધરપકડ કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# EXAM SECURITY ARRANGEMENTS

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આજે વહીવટી અધિકારી વર્ગ-૨ ની પ્રાથમિક કસોટી પરીક્ષા યોજાશે. આ ઉપરાંત ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આવતીકાલથી ૧ તારીખ દરમિયાન વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતી માટેની પરીક્ષાઓ યોજાશે.

અમદાવાદ શહેરમાં યોજાનારી આ પરીક્ષાઓ શાંતિપૂર્ણ અને સુચારૂ રૂપે યોજાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અમદાવાદ શહેર પોલીસ દ્વારા વિવિધ બંદોબસ્ત કરવામાં આવ્યા છે. પોલીસ કમિશનર દ્વારા વિવિધ પ્રતિબંધો લગાવતું જાહેરનામું પણ બહાર પડાયું છે.

# PARA ARCHARY COMPETITION

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ગઇકાલથી શરૂ થયેલી વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ 2026ની સ્પર્ધામાં ભારતના તમામ આઠ તીરંદાજો આગામી રાઉન્ડમાં પહોંચ્યા છે. પ્રથમ દિવસે પેરા રિકર્વ ક્વોલિફિકેશન રાઉન્ડ અને વ્યક્તિગત એલિમિનેશન રાઉન્ડ યોજાયા હતા. જેમાં પુરુષ અને મહિલા રિકર્વ કેટેગરીમાં કુલ 39 તીરંદાજોએ ભાગ લીધો હતો. દરેક કેટેગરીમાં ચાર એમ ભારતના આઠ તીરંદાજોએ ભાગ લીધો હતો.

ભારતીય તીરંદાજોએ શાનદાર શરૂઆત કરી, જેમાં હરવિંદર સિંહે પેરા રિકર્વ પુરુષ ક્વોલિફિકેશનમાં 20 તીરંદાજોમાં ત્રીજું સ્થાન મેળવ્યું, જ્યારે ભાવનાએ પેરા રિકર્વ મહિલા ક્વોલિફિકેશનમાં 19 તીરંદાજોમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. મહિલા ક્વોલિફિકેશનમાં ઈન્ડોનેશિયા ટોચ પર રહ્યું, જ્યારે પુરુષ ક્વોલિફિકેશનમાં ઈરાને પ્રથમ સ્થાન મેળવ્યું હતું.આજે પેરા કમ્પાઉન્ડના તીરંદાજો મેદાનમાં ઉતરશે. જેમાં ભારતના અગ્રણી તીરંદાજો શીતલ દેવી, પાયલ નાગ અને રાકેશ કુમાર પણ સ્પર્ધામાં ભાગ લેશે.

# SUNDAY ON CYCLE

'ફિટ ઇન્ડિયા-સંડેઝ ઓન સાયકલ'ની 89મી કડી આજે સુરતમાં યોજાશે. કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી સાયકલ રેલીનો પ્રારંભ કરાવશે. આ સાયકલોથોન રેલી સવારે 6:15 વાગ્યે સરદાર પટેલ સ્ટેચ્યુ, માનગઢ ચોક, વરાછા રોડ ખાતે પ્રારંભ થશે તથા પ્રાણીસંગ્રહાલય, સરથાણા જકાતનાકા, વરાછા રોડ ખાતે સમાપન થશે. આ વખતની સાયકલ રેલી 'શિક્ષક દિન' અને 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત અભિયાન' ની થીમ પર યોજાશે.

આ કાર્યક્રમમાં ભારતના જાણીતા આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ખેલાડી હરમીત દેસાઈ, 'સ્ટીલ મેન ઓફ ઇન્ડિયા' વિસ્પી ખરાડી, 'આયર્ન ટીથ મેન ઓફ ઇન્ડિયા' રાકેશ સૈની તેમજ 'બોડી આર્કિટેક્ટ' ભીષ્મ મદાહની વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહી ઉત્સાહ વધારશે.

# WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારતે દુબઈમાં રમાયેલી એશિયા કપ T20 મેચમાં પાકિસ્તાનને સાત વિકેટથી હરાવ્યું. પાકિસ્તાન ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતાં 18.1 ઓવરમાં માત્ર 55 રન બનાવી ઓલઆઉટ થયું, જે T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં તેમનો અત્યાર સુધીનો સૌથી ઓછો સ્કોર હતો.

ભારત તરફથી શ્રી ચારણી અને પ્રેમા રાવતે ત્રણ-ત્રણ વિકેટ ઝડપી. ભારતે 8.4 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવી આ  લક્ષ્ય હાંસલ કર્યું, જેમાં કેપ્ટન હરમનપ્રીત કૌર 18 રન બનાવીને અણનમ રહ્યાં.

# GUJARAT SUPER LEAGUE

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત ગુજરાત સુપર લીગ -3ની યોજાયેલી સૌરાષ્ટ્ર સ્પાર્ટ્ન્સ અને અમદાવાદ એવેંન્જર્સ વચ્ચેની મેચ ડ્રો રહી હતી જ્યારે બીજી મેચમાં સુરત સ્પાર્ટન્સ સામે કર્ણાવતી નાઇટ્સનો વિજય થયો હતો.

# PALITANA SUPERFAST SPECIAL TRAIN

પાલીતાણા સ્થિત પ્રસિદ્ધ જૈન તીર્થસ્થળ ખાતે શ્રદ્ધાળુઓની સંભવિત ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા પાલીતાણા–બાંદ્રા ટર્મિનસ વચ્ચે વિશેષ ભાડા પર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જે અંતર્ગત 07 સપ્ટેમ્બરે પાલીતાણાથી બાંદ્રા ટર્મિનસ માટે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે. આ વિશેષ ટ્રેનના સંચાલનથી જૈન તીર્થયાત્રીઓ તેમજ અન્ય મુસાફરોને પાલીતાણા અને મુંબઈ વચ્ચે વધારાની રેલ સુવિધા ઉપલબ્ધ થશે.

# WEATHER

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં આગામી 7 દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની શક્યતા છે. રાજ્યમાં સરેરાશ વરસાદ નોંધાયો સામાન્ય કરતાં ઓછો હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું છે.

# CERAMIC FIRE

મોરબીના વાંકાનેરના માટેલ રોડ પર એક સિરામિક એકમમાં આગની ઘટના બની છે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે ઘટનાની જાણ થતા મોરબી ફાયરની 5 ગાડીઓ આગ બુઝાવવાની કામગીરી કરાઇ હતી.